www.prepp.in

# ECONOMICS

## PAPER – II

## DEC-21/10

Name & Signature of the Invigilator

..........................................................

..........................................................

OMR Answer Sheet No. : 

Roll No. : 

(in figures as in Hall Ticket)

Roll Number in words : ..........................................

..........................................................................................

Question Booklet Sl. No. 100657

Time : 2 Hours] No. of Printed Pages : 32 [Maximum Marks : 200

### Instructions for the Candidates

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **one hundred (100)** multiple choice type of questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   (ii) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   (iii) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.
   **Example** : (A) ⬤ (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – II only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Rough Work is to be done in the end of this booklet.
7. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
8. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
9. Use only Blue/Black Ball point pen.
10. Use of any calculator or any electronic devices or log table etc., are prohibited.
11. There shall be no negative marking.
12. In case of any discrepancy in the English and Gujarati versions of questions, English version will be taken as final.

### પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા સો (૧૦૦) પ્રશ્નો આપેલા છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   (i) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (ii) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/ પૃષ્ઠો ઓછાં હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   (iii) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval) ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.
   **ઉદાહરણ** : (A) ⬤ (C) (D) કે જ્યાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર-II લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં.
6. કાચું કામ (Rough Work) પ્રશ્નપુસ્તિકાના અંતિમ પૃષ્ઠ પર કરવું.
7. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિહ્નકે જેનાથી તમારી ઓળખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમકે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર થઈ શકો છો.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજિયાત સોપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષા ખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી / ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
10. કેલ્ક્યુલેટર,લોગ ટેબલ અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.
12. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

DO NOT WRITE HERE

Prepp
Your Personal Exam Guide

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

# ECONOMICS
## Paper – II

1. The value of cross elasticity of demand between the price of petrol and the demand for motor bike unit is
   (A) Positive
   (B) Negative
   (C) Zero
   (D) Infinite

1. પેટ્રોલની કિંમત અને મોટરબાઇક એકમની માંગ વચ્ચેની માંગની તિર્યક મૂલ્યસાપેક્ષતાનું મૂલ્ય
   (A) ધન
   (B) ઋણ
   (C) શૂન્ય
   (D) અનંત હોય છે

2. According to the law of variable proportions, a rational producer concentrates on the range over which the marginal products of variable factor of production are
   (A) Positive and increasing
   (B) Positive but decreasing
   (C) Positive but remains constant
   (D) Negative and decreasing

2. ચલિત પ્રમાણોના નિયમ મુજબ, એક તર્કસંગત ઉત્પાદક, ઉત્પાદનના ચલાયમાન સાધનોની સીમાંત ઉત્પાદકતા અંગેના અંતરાલ પર ધ્યાન કેન્દ્રીત કરશે કે જે
   (A) ધન અને વધતા જતા હોય
   (B) ધન પરંતુ ઘટતા જતા હોય
   (C) ધન પરંતુ અચળ રહેતા હોય
   (D) ઋણ અને ઘટતા જતા હોય

3. According to Bernoulli, a rational individual will take decision under risky and uncertain situations on the basis of
   (A) Expected monetary value
   (B) Expected utility
   (C) Actual monetary value
   (D) Actual utility

3. બર્નોલીની દલીલ પ્રમાણે, જોખમી અને અચોક્કસ સંજોગોમાં એક તર્કસંગત વ્યક્તિ ________ ને આધારે નિર્ણય લેશે.
   (A) અપેક્ષિત નાણાંકીય મૂલ્ય
   (B) અપેક્ષિત તુષ્ટિગુણ
   (C) વાસ્તવિક નાણાંકીય મૂલ્ય
   (D) વાસ્તવિક તુષ્ટિગુણ

[redacted]

Prepp
Your Personal Exams Guide

4. The size of the pay-off matrix of a game can be reduced by using the principle of

(A) Game inversion

(B) Game rotation

(C) Dominance

(D) Game transpose

5. The economist who proposed 'Sales maximization' as the objective of a modern firm is

(A) R. Marris

(B) O. Williamson

(C) W. J. Baumol

(D) W. Fellner

6. The Quasi rent disappears in the

(A) Long-run

(B) Short-run

(C) Very short period

(D) Market period

7. The economist who is associated with the general equilibrium analysis is

(A) Alfred Marshall

(B) Kaldor

(C) Hicks

(D) Leon Walras

4. એક વ્યુહવિદ્યા રમતના પે-ઓફ શ્રેણિકનું કદ _______ ના સિધ્ધાંત દ્વારા ઘટાડી શકાય છે.

(A) વ્યુહવિદ્યાના વ્યસ્તીકરણ

(B) વ્યુહવિદ્યાના પરિભ્રમણ

(C) વર્ચસ્વ

(D) વ્યુહવિદ્યા પક્ષાંતર

5. એક આધુનિક પેઢીના એક હેતુ તરીકે 'વેચાણના મહત્તમીકરણ' ની દરખાસ્ત કરનાર અર્થશાસ્ત્રી _______ હતા.

(A) આર. મેરીસ

(B) ઓ. વિલિયમસન

(C) ડબલ્યુ. જે. બોમલ

(D) ડબલ્યુ. ફેલ્નર

6. આભાસી ભાડુ _______ અદ્રશ્ય થઇ જાય છે.

(A) લાંબા ગાળામાં

(B) ટૂંકા ગાળામાં

(C) ખૂબ ટૂંકા ગાળામાં

(D) બજાર સમયગાળામાં

7. સામાન્ય સમતુલા વિશ્લેષણ સાથે સંકળાયેલા અર્થશાસ્ત્રી

(A) આલ્ફ્રેડ માર્શલ

(B) કાલ્ડોર

(C) હીક્સ

(D) લીઓન વોલ્રા છે

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

8. Which of the following is required to rule out the possibility of contradictory results in Kaldor-Hicks criterion ?

(A) Scitovsky single criterion

(B) Bergson criterion

(C) Scitovsky double criterion

(D) Samuelson criterion

9. Which of the following is not a fundamental theorem of welfare economics ?

(A) Vilfredo Pareto Theorem

(B) Kenneth Arrow and Gerard Debreu Theorem

(C) Arrow's Impossibility Theorem

(D) Rybczynski Theorem

10. People smoking more after buying life insurance policy is an example of

(A) Adverse selection

(B) Symmetric information

(C) Moral Hazard

(D) Risk aversion

11. Which of the following is rightly matched with whole sale price index ?

(A) It tracks prices at the factory gate before retail level

(B) It tracks prices at the retail level only

(C) It tracks prices at the consumer level only

(D) It tracks prices at the whole market only

8. કાલ્ડોર-હીક્સ માપદંડમાં વિરોધાભાસી પરિણામોની શક્યતા નિવારવા માટે નીચેનામાંથી શાની જરૂર પડે છે ?

(A) સ્કીટોવસ્કી એકાકી માપદંડ

(B) બર્ગસન માપદંડ

(C) સ્કીટોવસ્કીનો બમણો માપદંડ

(D) સેમ્યુઅલસનનો માપદંડ

9. નીચેનામાંથી ક્યો કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનો મૂળભૂત પ્રમેય નથી ?

(A) વિલ્ફ્રેડો પેરેટો પ્રમેય

(B) કેનેથ એરો અને જેરાર્ડ ડેબ્રુ પ્રમેય

(C) એરોનો અશક્યતા પ્રમેય

(D) રીબ્ઝ્ન્સ્કી પ્રમેય

10. જીવન વીમાની પોલીસી લીધા બાદ લોકો વધુ ધુમ્રપાન કરે છે, તે __________ નું એક ઉદાહરણ છે.

(A) પ્રતિકૂળ પસંદગી

(B) સંમિત માહિતી

(C) નૈતિક સંકટ

(D) જોખમ પ્રત્યે અણગમા

11. નીચેનામાંથી ક્યું, જથ્થાબંધ કિંમત સૂચક આંક સાથે યોગ્ય રીતે જોડાય છે ?

(A) છૂટક સ્તરે વેચાણ થાય તે પહેલા ફેક્ટરી ગેટ પરની કિંમત સાથે સંકળાયેલ છે

(B) તે, ફક્ત છૂટક સ્તરે જ કિંમતો મેળવે છે

(C) તે, ફક્ત ગ્રાહકના સ્તરે જ કિંમતો મેળવે છે

(D) તે ફક્ત જથ્થાબંધ બજારમાંથી જ કિંમતો મેળવે છે

www.prepp.in

12. In Keynesian theory of demand for money, the total demand for money expressed in real terms is a function of

(A) Exports

(B) Imports

(C) Income and interest rate

(D) Price level

13. The satisfaction from savings can be considered in terms of the following

(A) Precaution

(B) Foresight

(C) Improvement

(D) All of the above

14. "Macroeconomics is that part of the economics which studies the overall averages and aggregates of a system," stated by

(A) Edward Shapiro

(B) K. E. Boulding

(C) R. G. D. Allen

(D) G. Ackley

12. નાણાંની માંગ અંગેના કેઇન્સીઅન સિધ્ધાંતમાં, વાસ્તવિક સ્વરૂપમાં દર્શાવેલ નાણાંની કુલ માંગ, એ ________ નું વિધેય છે.

(A) નિકાસ

(B) આયાત

(C) આવક અને વ્યાજના દર

(D) ભાવ સપાટી

13. બચત દ્વારા થતો સંતોષ, નીચે દર્શાવેલી બાબતોમાંથી એકના સ્વરૂપમાં ધ્યાનમાં લઇ શકાય છે

(A) સાવચેતી

(B) દૂરદર્શી

(C) સુધારા

(D) ઉપરના તમામ

14. ''સમષ્ટિલક્ષી અર્થશાસ્ત્ર એ અર્થશાસ્ત્રનો એ ભાગ છે કે જે એક પ્રણાલીના એકંદર સરેરાશો અને સરવાળાઓનો અભ્યાસ કરે છે''. આમ કોના દ્વારા કહેવામાં આવ્યું છે?

(A) એડવર્ડ શેપીરો

(B) કે. ઇ. બાઉલ્ડીંગ

(C) આર. જી. ડી. એલન

(D) જી- એકલે

Prepp
Your Personal Exams Guide

15. The value of which of the following is entered into the computation of GDP ?
(A) Raw materials
(B) Intermediate products
(C) Final products
(D) Inventories

16. The shape of the aggregate demand curve in the classical theory of employment is
(A) Horizontal line
(B) Vertical line
(C) Positively sloped
(D) Negatively sloped

17. 'Old and soiled currency notes drive out new currency notes out of circulation'. This is the example for
(A) Keynes Psychological Theory
(B) Gresham's Law
(C) Goodheart Law
(D) Monetary Law

18. The 'Money on wings' refers to the function
(A) A medium of exchange
(B) A measure of value
(C) A store of value
(D) Deferred payments

15. નીચેનામાંથી ક્યાનું મૂલ્ય, GDP ની ગણત્રીમાં સમાવિષ્ટ થાય છે?
(A) કાચો માલ
(B) વચગાળાના ઉત્પાદનો
(C) અંતિમ ઉત્પાદનો
(D) માલચાદી

16. રોજગારીના પ્રશિષ્ટ સિધ્ધાંતમાં, કુલ માંગ વક્રનો આકાર ________ હોય છે.
(A) ક્ષિતિજ સમાંતર રેખા
(B) ઉભી રેખા
(C) ધન ઢાળ ધરાવતો વક્ર
(D) ઋણ ઢાળ ધરાવતો વક્ર

17. "જૂની અને ગંદી ચલણી નોટો, નવી ચલણી નોટોને ફેલાવામાંથી બહાર કરી દે છે" આ ________ ઉદાહરણ છે.
(A) કેઈન્સ માનસશાસ્ત્રીય સિધ્ધાંત
(B) ગ્રેશામના નિયમ
(C) ગુડહાર્ટના નિયમ
(D) નાણાં અંગેના નિયમનું

18. 'પાંખો સાથેના નાણાં' એ ________ નું કાર્ય દર્શાવે છે.
(A) વિનિમયના એક માધ્યમ
(B) મૂલ્યના એક માપદંડ
(C) મૂલ્યના એક ભંડોળ
(D) વિલંબિત ચૂકવણી

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

19. Dear Money Policy means

(A) High supply of money

(B) Liquidity glut

(C) High interest rates

(D) Low interest rates

20. Who has introduced the concept of multiplier in employment ?

(A) R. F. Khan

(B) Lord Keynes

(C) Prof. Hawtrey

(D) Prof. A. C. Pigou

21. Events A and B are mutually exclusive if

(A) $P(A \cup B) = 0$

(B) $P(A \cap B) = 0$

(C) $P(A \cup B) = P(A) \cdot P(B)$

(D) $P(A \cap B) = P(A) + P(B)$

22. If in a binomial distribution, $n = 5$ and mean = 2, then what is the value of q ?

(A) 0.40

(B) 0.50

(C) 0.60

(D) 0.70

19. મૂલ્યવાન નાણાં નીતિ એટલે

(A) નાણાંનો મોટો પૂરવઠો

(B) પ્રવાહી અતિશયતા

(C) વ્યાજના ઉંચા દરો

(D) વ્યાજના નીચા દરો

20. રોજગારીમાં ગુણકના ખ્યાલનો સમાવેશ કોણે કર્યો હતો ?

(A) આર. એફ. ખાન

(B) લોર્ડ કેઇન્સ

(C) પ્રો. હોટ્રે

(D) પ્રો. એ. સી. પીગુ

21. ઘટના A અને B પરસ્પર નિવારક હોય છે, કે જ્યારે

(A) $P(A \cup B) = 0$

(B) $P(A \cap B) = 0$

(C) $P(A \cup B) = P(A) \cdot P(B)$

(D) $P(A \cap B) = P(A) + P(B)$

22. જો એક દ્વિપદી વિતરણમાં, $n = 5$ અને મધ્યક = 2 હોય તો q ની કિંમત કેટલી હશે ?

(A) ૦.૪૦

(B) ૦.૫૦

(C) ૦.૬૦

(D) ૦.૭૦

**23.** What is the formula for determining the standard error of correlation coefficient ?

(A) $SE = \frac{1+r^2}{\sqrt{n}}$

(B) $SE = \frac{1-r^2}{\sqrt{n-1}}$

(C) $SE = \frac{1-r^2}{n}$

(D) $SE = \frac{1-r^2}{\sqrt{n}}$

**24.** Which of the following assumptions are required to show consistency, unbiasedness and efficiency of the OLS estimator ?

(i) $E(u_i) = 0$

(ii) $Var(u_i) = \sigma^2$

(iii) $Cov(u_t, u_{t-j}) = 0 \ \forall$ j and

(iv) $u_t \cap N(0, \sigma^2)$

(A) (ii) and (iv) only

(B) (i) and (iii) only

(C) (i), (ii) and (iii) only

(D) (i), (ii), (iii) and (iv)

**25.** F-test is also known as

(A) Probability test

(B) Variance-ratio test

(C) Sample test

(D) None of the above

**23.** સહસંબંધાંકનો પ્રમાણિત દોષ નિર્ધારીત કરવા માટેનું સુત્ર કયું છે ?

(A) $SE = \frac{1+r^2}{\sqrt{n}}$

(B) $SE = \frac{1-r^2}{\sqrt{n-1}}$

(C) $SE = \frac{1-r^2}{n}$

(D) $SE = \frac{1-r^2}{\sqrt{n}}$

**24.** OLS આંગણકની સુસંગતતા, અનભિનતતા અને દક્ષતા દર્શાવવા માટે નીચેનામાંથી કઇ ધારણાઓની જરૂર પડે છે ?

(i) $E(u_i) = 0$

(ii) $Var(u_i) = \sigma^2$

(iii) $Cov(u_t, u_{t-j}) = 0 \ \forall$ j અને

(iv) $u_t \cap N(0, \sigma^2)$

(A) ફક્ત (ii) અને (iv)

(B) ફક્ત (i) અને (iii)

(C) ફક્ત (i), (ii) અને (iii)

(D) (i), (ii), (iii) અને (iv)

**25.** F-પરીક્ષણને ________ પણ કહે છે.

(A) સંભાવના પરીક્ષણ

(B) વિચરણ ગુણોત્તર પરીક્ષણ

(C) નિદર્શ પરીક્ષણ

(D) ઉપરનામાંથી કોઇ નહીં

Prepp
Your Personal Exams Guide

**26.** In the model $Y_i = \beta_1 + \beta_2 X_i + u_i$, the term $u_i$

(A) Represent the missing values of Y

(B) Acts as proxy for all the omitted variables that affect Y

(C) Acts as proxy for important variables that affect Y

(D) Represent measurement error

**26.** મોડેલ $Y_i = \beta_1 + \beta_2 X_i + u_i$ માં, પદ $u_i$

(A) Y ની ખૂટતી કિંમતો દર્શાવે છે

(B) Y ને અસર કરતી તમામ ખૂટતી ચલરાશિઓના પ્રતિનિધિરૂપ છે

(C) Y ને અસર કરતી અગત્યની ચલરાશિઓના પ્રતિનિધિરૂપ છે

(D) માપનત્રુટિ દર્શાવે છે

**27.** If there is perfectly positive correlation between two variables, then

(A) $b_{xy} = \frac{1}{b_{yx}}$

(B) $r = \frac{b_{xy}}{b_{yx}}$

(C) $b_{xy} = b_{yx}^2$

(D) None of the above

**27.** જો ચલરાશિઓ વચ્ચે સંપૂર્ણ ધન સહસંબંધ હોય તો

(A) $b_{xy} = \frac{1}{b_{yx}}$

(B) $r = \frac{b_{xy}}{b_{yx}}$

(C) $b_{xy} = b_{yx}^2$

(D) ઉપરનામાંથી કોઇ નહીં

**28.** How many parameters are there in a normal distribution ?

(A) 1

(B) 2

(C) 3

(D) None of the above

**28.** એક પ્રમાણ્ય વિતરણમાં કેટલા પ્રાચલો હોય છે ?

(A) ૧

(B) ૨

(C) ૩

(D) ઉપરનામાંથી કોઇ નહીં

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

29. Which of the following are plausible approaches to deal with residual auto-correlation ?

(i) Take logarithms of each of the variables

(ii) Add lagged values of the variables in the regression equation

(iii) Use dummy variables to remove outlying observations

(iv) Try a model in first differences form rather than in levels

(A) (ii) and (iv)

(B) (i) and (iii)

(C) (ii) and (iii)

(D) (i), (ii), (iii) and (iv)

30. What is the meaning of 'heteroscedasticity' ?

(A) The variance of the dependent variable is not constant

(B) The variance of the error terms is not constant

(C) The errors are not linearly independent of one another

(D) The errors have non-zero means

29. શેષ સ્વસહસંબંધ સાથે વ્યવહાર કરવા માટે, નીચેનામાંથી કયા બુધ્ધિગમ્ય અભિગમો છે ?

(i) દરેક ચલનો લઘુગુણક લો

(ii) નિયતસંબંધ સમીકરણમાં ચલોની પૃષ્ઠિત કિંમતો ઉમેરો

(iii) બાહ્ય અવલોકનો દૂર કરવાં માટે ડમી ચલોનો ઉપયોગ કરો

(iv) ચલરાશિઓની અસલી કિંમતોને બદલે તફાવતોનો મોડેલમાં ઉપયોગ કરો

(A) (ii) અને (iv)

(B) (i) અને (iii)

(C) (ii) અને (iii)

(D) (i), (ii), (iii) અને (iv)

30. 'વિષમય વિચરણ' નો અર્થ શું છે ?

(A) સાપેક્ષ ચલરાશિનું વિચરણ અચળ નથી

(B) ત્રુટિપદોનું વિચરણ અચળ નથી

(C) ત્રુટિપદો, એકબીજા સાથે રૈખિક રીતે સ્વતંત્ર નથી

(D) ત્રુટિપદોના મધ્યકો શૂન્ય સિવાયના છે

Prepp
Your Personal Exams Guide

31. Which test is used to test whether two qualitative variables have relation or not ?

(A) t-test

(B) F-test

(C) $\chi^2$-test

(D) None of the above

31. બે ગુણાત્મક ચલરાશિઓ વચ્ચે સંબંધ છે કે કેમ તે અંગેનું પરીક્ષણ કરવા માટે કયા પરીક્ષણનો ઉપયોગ થાય છે ?

(A) t-પરીક્ષણ

(B) F-પરીક્ષણ

(C) $\chi^2$-પરીક્ષણ

(D) ઉપરનામાંથી કોઇ નહીં

32. If B is the technology matrix, then the Hawkins-Simon conditions are

(A) The main diagonal elements in I–B must be positive and determinant |I–B| must be positive

(B) The main diagonal elements in I–B must be negative and determinant |I–B| must be positive

(C) The main diagonal elements in I–B must be positive and determinant |I–B| must be negative

(D) The main diagonal elements in I–B must be negative and determinant |I–B| must be negative

32. જો B ટેક્નોલોજી શ્રેણિક હોય તો, હોકીન્સ-સાઇમન શરતો નીચેનામાંથી કઇ છે ?

(A) I–Bના મુખ્ય વિકર્ણ પરના ઘટકો ધન હોવા જોઇએ અને નિશ્ચાયક |I–B| ધન હોવો જોઇએ

(B) I–Bના મુખ્ય વિકર્ણ પરના ઘટકો ઋણ હોવા જોઇએ અને નિશ્ચાયક |I–B| ધન હોવો જોઇએ

(C) I–Bના મુખ્ય વિકર્ણ પરના ઘટકો ધન હોવા જોઇએ અને નિશ્ચાયક |I–B| ઋણ હોવો જોઇએ

(D) I–Bના મુખ્ય વિકર્ણ પરના ઘટકો ઋણ હોવા જોઇએ અને નિશ્ચાયક |I–B| ઋણ હોવો જોઇએ

33. Given three matrices – A, B and C with dimensions 3 × 4, 4 × 2 and 2 × 3 respectively, which multiplication one can calculate ?

(A) Both AB and AC

(B) Both AB and BC

(C) Both CB and CA

(D) Both BA and AB

33. ધારોકે ત્રણ શ્રેણિકો A, B અને C ના પરિમાણો અનુક્રમે 3 × 4, 4 × 2, અને 2 × 3 છે ક્યા ગુણાકારો કરી શકાશે ?

(A) AB અને AC બંને

(B) AB અને BC બંને

(C) CB અને CA બંને

(D) BA અને AB બંને

Prepp
Your Personal Exams Guide

**34.** In a linear programming problem, the objective function is always

(A) Cubic

(B) Quadratic

(C) Linear

(D) None of them

**35.** For the linear programming problem Max Z = 2x + 3y, the coordinates of the corner points of the bounded feasible region are A(3, 3), B(20, 3), C(20, 10), D(18, 12) and E(12, 12). The maximum value of Z is

(A) 72

(B) 80

(C) 82

(D) 70

**36.** When technical co-efficients of production are constant, we get the production possibility frontier with the following shape

(A) Linear

(B) Convex

(C) Concave

(D) Kinked

**34.** એક સુરેખ આયોજન પ્રશ્નમાં, હેતુલક્ષી વિધેય હંમેશા ____________ હોય છે.

(A) ઘનાત્મક

(B) વર્ગાત્મક

(C) સુરેખ

(D) ઉપરનામાંથી કોઇ નહીં

**35.** સુરેખ આયોજન પ્રશ્ન Max z = 2x + 3y , સીમિત શક્ય પ્રદેશના ખૂણાના બિંદુઓ A(3, 3), B(20, 3), C(20, 10), D(18, 12) અને E(12, 12) છે. Z ની મહત્તમ કિંમત ____________ થશે.

(A) ૭૨

(B) ૮૦

(C) ૮૨

(D) ૭૦

**36.** જ્યારે ઉત્પાદનના ટેક્નીકલ સહગુણકો અચળ હોય છે, ત્યારે નીચેનો આકાર ધરાવતો ઉત્પાદન શક્યતા સીમાવક્ર મળે છે

(A) સુરેખ

(B) બહિર્ગોળ

(C) અંતર્ગોળ

(D) ખાડાવાળો

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

37. In the Ricardian model of comparative advantage, the opportunity cost of production of a good in terms of another good will be

(A) Zero

(B) Increasing

(C) Decreasing

(D) Constant

38. R. E. Falvey's model of international trade under imperfect competition can be considered as

(A) Neo-Chamberlin model

(B) Neo-Heckscher-Ohlin model

(C) Technological gap model

(D) Product cycle model

39. Automatic adjustment in Balance of Payments cannot take place in

(A) Expenditure switching system

(B) International gold standard

(C) Floating exchange rates system

(D) Price-specie flow mechanism

37. તુલનાત્મક લાભ અંગેના રીકાર્ડીઅન મોડેલમાં, કોઇ એક વસ્તુંનું એક અન્ય વસ્તુના સ્વરૂપમાં, ઉત્પાદનનો વૈકલ્પિક ખર્ચ ________ હશે.

(A) શૂન્ય

(B) વધતો જતો

(C) ઘટતો જતો

(D) અચળ

38. અપૂર્ણ હરીફાઇ સહિતનો આર.ઇ. ફાલ્વીનું આંતરરાષ્ટ્રીય વ્યાપાર અંગેનુ મોડેલ, ________ ગણી શકાય.

(A) નવ-ચેમ્બરલીન મોડેલ

(B) નવ-હેક્ચર-ઓહલીન મોડેલ

(C) તકનીકી તફાવત મોડેલ

(D) ઉત્પન્ન ચક્ર મોડેલ

39. લેણ દેણની તુલામાં સ્વયંસંચાલિત બંધબેસતું

(A) ખર્ચ સ્વીચીંગ પ્રણાલી

(B) આંતરરાષ્ટ્રીય સુવર્ણ પ્રમાણ

(C) તરિત વિનિમય દર પ્રણાલી

(D) કિંમત-કિંમતી ધાતુ પ્રવાહ મીકેનીઝમ

Prepp
Your Personal Exams Guide

**40.** Among the following identify the concept that is not associated with foreign exchange market

(A) Hedging

(B) Snake in the Tunnel

(C) Autonomous flows

(D) Overshooting

**41.** Which of the following is considered to be the dynamic gain from international trade ?

(A) Efficient allocation of resources

(B) Consumption beyond production possibility frontier

(C) Reduction in monopoly elements

(D) Lower prices of traded commodities

**42.** Which of the following effects of tariffs can be obtained through general equilibrium analysis ?

(A) Production effect

(B) Consumption effect

(C) Trade effect

(D) Income Redistribution effect

**40.** નીચે આપેલા ખ્યાલોમાંથી એવો ખ્યાલ શોધો કે જે વિદેશી વિનિમય બજાર સાથે સંકળાયેલો નથી

(A) હેજીંગ

(B) ટનેલમાં સર્પ

(C) સ્વાયત્ત પ્રવાહો

(D) ઓવર શૂટીંગ

**41.** નીચેનામાંથી કયું, આંતરરાષ્ટ્રીય વ્યાપારમાંથી પ્રાપ્ત થતો ગતિશીલ લાભ છે એમ મનાય છે ?

(A) સંસાધનોની કાર્યક્ષમ વહેંચણી

(B) ઉત્પાદન ક્ષમતા સીમાથી ઉપર વપરાશ

(C) ઇજારાશાહી તત્વોમાં ઘટાડો

(D) લે વેચ થઇ હોય તેવી વસ્તુઓની વધુ નીચી કિંમતો

**42.** નીચેનામાંથી, જકાતની કઇ અસર, સર્વ વ્યાપી સમતુલા વિશ્લેષણ દ્વારા મેળવી શકાય છે ?

(A) ઉત્પાદન અસર

(B) વપરાશ અસર

(C) વ્યાપાર અસર

(D) આવક પુનઃ વહેંચણી અસર

43. The Mint Parity Theory of foreign exchange is a theory of
(A) Fixed exchange rates
(B) Floating exchange rates
(C) Flexible exchange rates
(D) Multiple exchange rates

44. In which of the following regional trade agreements, the highest degree of economic cooperation is achieved ?
(A) EU
(B) ASEAN
(C) Common Wealth Countries
(D) SAARC

45. The financial assistance for COVID-19 Social protection, Response programme was given by
(A) IMF
(B) World Bank
(C) Asian Development Bank
(D) New Development Bank

46. Buying a faulty second hand car is an example for
(A) Adverse selection
(B) Free rider problem
(C) Externalities
(D) Market failure

43. વિદેશી વિનિમય અંગેનો ટંકશાળ સમાનતા સિધ્ધાંત, ________ નો સિધ્ધાંત છે.
(A) સ્થિર વિનિમય દરો
(B) ચલિત વિનિમય દરો
(C) પરિવર્તનક્ષમ વિનિમય દરો
(D) બહુવિધ વિનિમય દરો

44. નીચે આપેલા પ્રાદેશિક વ્યાપાર કરારોમાંથી ક્યા કરારમાં, આર્થિક સહકારનું સૌથી વધુ પ્રમાણ પ્રાપ્ત થાય છે ?
(A) EU
(B) ASEAN
(C) કોમનવેલ્થ દેશો
(D) SAARC

45. કોવીડ-૧૯ સામાજીક સંરક્ષણ પ્રતિભાવ કાર્યક્રમ માટેની નાણાંકીય મદદ ________ દ્વારા આપવામાં આવી હતી.
(A) IMF
(B) વિશ્વ બેન્ક
(C) એશીયન ડેવલપમેન્ટ બેન્ક
(D) ન્યુ ડેવલપમેન્ટ બેન્ક

46. એક ખામીયુક્ત સેકન્ડ હેન્ડ કાર ની ખરીદી એ________ પરિણમે છે.
(A) પ્રતિકૂળ પસંદગી
(B) નિ: શુલ્ક ઉપભોક્તા પ્રશ્ન
(C) બાહ્ય અસરો
(D) બજાર નિષ્ફળતા

47. The government role is absolutely justified in the case of provision of goods with

(A) Market external effects

(B) Non-market external effects

(C) No externalities

(D) Positive externalities

48. Collusion does not result in

(A) Higher prices

(B) Discouragement to new firms

(C) More profits

(D) Lower prices

49. The relationship between the tax rate and tax revenue is explained by

(A) BARS curve

(B) ISO-revenue curve

(C) Laffer curve

(D) Dalton curve

50. Vertical equity in taxation means

(A) People in urban areas have to pay more tax

(B) People with greater ability have to pay more tax

(C) People with equal ability have to pay same tax

(D) People in the same region have to pay the same tax

47. નીચેનામાંથી કયા કિસ્સામાં સરકારની ભૂમિકા સંપૂર્ણપણે ન્યાયી છે __________ સહિતની વસ્તુઓ માટેની જોગવાઇ.

(A) બજાર બાહ્ય અસરો

(B) બિન-બજાર બાહ્ય અસરો

(C) બાહ્ય અસરોનો અભાવ

(D) ધનાત્મક બાહ્ય અસરો

48. ગુપ્ત સમજૂતી, ________ માં પરિણમતી નથી.

(A) વધુ ઉંચી કિંમતો

(B) નવી પેઢીઓને નાહિંમત

(C) વધુ નફા

(D) વધુ નીચી કિંમતો

49. કરના દરો અને કર આવક વચ્ચેના સંબંધને ________ દ્વારા સમજાવવામાં આવ્યો છે.

(A) BARS વક્ર

(B) સમ-આમદાની વક્ર

(C) લાફર વક્ર

(D) ડાલ્ટન વક્ર

50. કરવેરામાં ઉર્ધ્વ નિષ્પક્ષતા એટલે

(A) શહેરી વિસ્તારોના લોકોએ વધુ કર ભરવો

(B) વધુ ક્ષમતા ધરાવતા લોકોએ વધુ કર ભરવો

(C) એકસમાન ક્ષમતા ધરાવતા લોકોએ એકસમાન કર ભરવો

(D) એકજ પ્રદેશના લોકોએ એકસમાન કર ભરવો

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

51. In the case of proportional tax

(A) The marginal tax rate is greater than the average tax rate

(B) The marginal tax rate is lesser than the average tax rate

(C) The marginal tax rate is equal to the average tax rate

(D) The relationship between marginal and average tax rates cannot be predicted

52. The shape of the Laffer curve is

(A) Downward sloping

(B) U-shaped

(C) Inverted-U shaped

(D) Exponential

53. The law of increasing state activities was formulated by

(A) Adulf Wagner

(B) Peacock – Wiseman

(C) Dalton

(D) Musgrave

54. The classical economists advocated

(A) Deficit Budget

(B) Surplus Budget

(C) Balanced Budget

(D) Unbalanced Budget

51. સમપ્રમાણ કરના કિસ્સામાં

(A) સરેરાશ કરના દર કરતાં, કરનો સીમાંત દર વધુ હોય છે

(B) સરેરાશ કરના દર કરતાં, કરનો સીમાંત દર ઓછો હોય છે

(C) કરનો સીમાંત દર તથા કરનો સરેરાશ દર સમાન હોય છે

(D) કરના સીમાંત દર અને કરના સરેરાશ દર વચ્ચેના સંબંધની આગાહી કરી શકાય નહીં

52. લાફર વક્રનો આકાર

(A) નીચેની તરફ ઢળતો

(B) U આકાર ધરાવતો

(C) ઉંધો U આકાર ધરાવતો

(D) ઘાતાંકીય રીતે (વધુ ઝડપથી) વધતો છે

53. રાજ્યની વધતી જતી પ્રવૃતિઓ અંગેનો નિયમ ________ દ્વારા રચવામાં આવ્યો હતો.

(A) એડલ્ફ વાગ્નેર

(B) પીકોક-વાઈઝમેન

(C) ડાલ્ટન

(D) મસગ્રેવ

54. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ ________ ની હિમાયત કરી હતી.

(A) ખાધવાળા અંદાજપત્ર

(B) પુરાંતવાળા અંદાજપત્ર

(C) સંતુલિત અંદાજપત્ર

(D) અસંતુલિત અંદાજપત્ર

Prepp
Your Personal Exams Guide

55. To control depression, the government should
(A) Increase the tax rates
(B) Not impose new taxes
(C) Reduce public expenditure
(D) Not repay public debt

55. મંદીને અંકુશમાં લેવા માટે, સરકારે
(A) કરના દરોમાં વધારો કરવો જોઇએ
(B) નવા કરવેરા નાંખવા ન જોઇએ
(C) જાહેર ખર્ચ ઘટાડવો જોઇએ
(D) જાહેર દેવું ચૂકવવું ન જોઇએ

56. The next best alternative cost is known as
(A) Real cost
(B) Money cost
(C) Opportunity cost
(D) Variable cost

56. સર્વશ્રેષ્ઠ પછીની સૌથી સારો વૈકલ્પિક ખર્ચ ________ તરીકે ઓળખાય છે.
(A) વાસ્તવિક ખર્ચ
(B) નાણાં ખર્ચ
(C) વૈકલ્પિક ખર્ચ
(D) ચલિત ખર્ચ

57. An asset that serves as a medium of exchange be included empirical measurement of money, relates to
(A) Transaction Approach
(B) Liquidity Approach
(C) Traditional Approach
(D) Classical Approach

57. એક અસક્યામત જે 'વિનિમયના માધ્યમ તરીકે કાર્ય કરે છે અને નાણાના અનુભવજન્ય માપનમાં જેનો સમાવેશ થાય છે. તેનો સંબંધ ________ સાથે છે.
(A) લેવડદેવડ અભિગમ
(B) પ્રવાહીતા અભિગમ
(C) પરંપરાગત અભિગમ
(D) પ્રશિષ્ટ અભિગમ

58. An instrument that a corporation has received a loan and has promised to pay the lender a specific amount of money at specific future dates, is
(A) Shares
(B) Interest warrant
(C) Bond
(D) Dividend

58. એક એવું સાધન કે જેમાં એક કોર્પોરેશન લોન પ્રાપ્ત કરે છે અને લોન આપનારને, અમુક ચોક્કસ તારીખે, એક ચોક્કસ રકમ આપવાનું વચન આપે છે, તે ________ છે.
(A) શેર
(B) વ્યાજ વોરંટ
(C) બોન્ડ
(D) ડીવીડન્ડ

prepp
Your Personal Exams Guide

59. Who invented ATM used by all Commercial Banks in India ?
(A) John Shephard Barron
(B) Ralph Schneider
(C) Frank McNamara
(D) A. T. Millan

59. ભારતમાં જેનો તમામ બેન્કો ઉપયોગ કરે છે તે ATM મશીન કોણે શોધ્યું હતું?
(A) જોહ્ન શેફર્ડ બેરન
(B) રાલ્ફ સ્નેઇડર
(C) ફ્રેન્ક મેક્નામારા
(D) એ. ટી. મીલન

60. Which one of the following is not the function of the RBI ?
(A) Issue of bank notes
(B) Custodian of cash reserves of commercial banks
(C) Accepting deposits and lending loans to public
(D) Controller of income and credit

60. નીચેનામાંથી કયું આરબીઆઇ નું કાર્ય નથી ?
(A) બેન્ક નોટ જારી કરવી
(B) વાણિજ્ય બેન્કોની કેશ અનામતોના કસ્ટોડીયન તરીકેનું
(C) જાહેર જનતા પાસેથી ડીપોઝીટો સ્વીકારવી અને ધીરાણ આપવું
(D) આવક તથા ધીરાણના કંટ્રોલર તરીકે

61. When was the paper currency first introduced in India ?
(A) 1542
(B) 1611
(C) 1705
(D) 1861

61. ભારતમાં પેપર નાણું પ્રથમવાર ક્યારે દાખલ કરવામાં આવ્યું ____________ હતું.
(A) ૧૫૪૨
(B) ૧૬૧૧
(C) ૧૭૦૫
(D) ૧૮૬૧

62. Which one of the following is not a finance company ?
(A) Hire-purchase Finance Company
(B) IRDA
(C) Mutual Benefit Finance Companies
(D) Loan Companies

62. નીચેનામાંથી કઇ ફાઇનાન્સ કંપની નથી ?
(A) હાયર-પરચેઝ ફીનાન્સ કંપની
(B) IRDA
(C) મ્યુચ્યુઅલ બેનીફીટ ફીનાન્સ કંપનીઓ
(D) લોન કંપનીઓ

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

63. RBI ensures that banks operate within the set of norms by conducting ________ inspections and ______ monitoring.

(A) On site, off site

(B) Off site, on site

(C) On site, field

(D) Field, on site

64. Which one among the following organisation has not started commercial banking activities ?

(A) UTI

(B) IDBI

(C) ICICI

(D) SIDBI

65. NBFCs issue commercial papers when their net worth is atleast

(A) Rs. 100 crore

(B) Rs. 10 crore

(C) Rs. 200 crore

(D) Rs. 500 crore

66. Which of the following is not an indicator of economic development ?

(A) Fall in regional disparities

(B) Fall in the poverty levels

(C) Fall in the unemployment rates

(D) Fall in the literacy rates

63. ________ તપાસો અને ________ દેખરેખ નિયંત્રણ દ્વારા આરબીઆઇ એ બાબતની ખાત્રી રાખે છે કે બેન્કો, અમુક ધોરણો મુજબ જ પોતાનું કામકાજ કરે.

(A) ઓન સાઇટ, ઓફ સાઇટ

(B) ઓફ સાઇટ, ઓન સાઇટ

(C) ઓન સાઇટ, ફીલ્ડ

(D) ફીલ્ડ, ઓન સાઇટ

64. નીચેનામાંથી કઇ સંસ્થાએ, વાણિજ્યીક બેન્કીંગ પ્રવૃતિઓ શરૂ કરી નથી ?

(A) UTI

(B) IDBI

(C) ICICI

(D) SIDBI

65. NBFC,કોમર્શીયલ પત્રો જારી કરે છે કે જયારે તેમની નેટવર્થ ઓછામાં ઓછી ______ હોય.

(A) રૂ. ૧૦૦ કરોડ

(B) રૂ. ૧૦ કરોડ

(C) રૂ. ૨૦૦ કરોડ

(D) રૂ. ૫૦૦ કરોડ

66. નીચેનામાંથી ક્યું આર્થિક વિકાસનું સૂચક નથી ?

(A) પ્રાદેશિક અસમાનતાઓમાં ઘટાડો

(B) ગરીબાઇના સ્તરમાં ઘટાડો

(C) બેરોજગારીના દરમાં ઘટાડો

(D) સાક્ષરતા દરોમાં ઘટાડો

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

67. The economist(s) who emphasized the importance of 'Divergent Investments' in economic development was (were)

(A) Ragnar Nurkse and Rosentein Rodan
(B) Hirschman
(C) Nicholas Kaldor
(D) Joseph Schumpeter

68. The Golden Age Equilibrium in the Mrs. Joan Robinson's model indicates

(A) $\frac{\Delta N}{N} = \frac{\Delta K}{K}$ (B) $\frac{N}{\Delta N} = \frac{K}{\Delta K}$
(C) $\Delta N = \Delta K$ (D) $N = K$

69. 'The economist who is associated with the Endogenous growth model' is

(A) Schumpeter
(B) J. R. Hicks
(C) Paul Romer
(D) Paul Samuelson

70. Which of the following goal is commonly found in the first four of the Millennium Development and Sustainable Development goals announced by UNDP ?

(A) Zero Hunger
(B) No Poverty
(C) Gender Equality
(D) Quality Education

67. આર્થિક વિકાસમાં જેણે(જેમણે) 'ભિન્ન મૂડીરોકાણો' ની અગત્યતા પર ભાર મુક્યો હતો, તે(તેઓ) હતા

(A) રાગ્નાર નર્કસે અને રોઝેનસ્ટાઇન રોડન
(B) હર્શમેન
(C) નિકોલસ કાલ્ડોર
(D) જોસેફ શુમ્પીટર

68. શ્રીમતી જોઆન રોબીસનના મોડેલમાં, 'ગોલ્ડન એઇજ ઇક્વીલીબ્રીયમ' ________ દર્શાવે છે.

(A) $\frac{\Delta N}{N} = \frac{\Delta K}{K}$ (B) $\frac{N}{\Delta N} = \frac{K}{\Delta K}$
(C) $\Delta N = \Delta K$ (D) $N = K$

69. 'અંતર્જાત વૃધ્ધિ મોડેલ' સાથે સંકળાયેલા અર્થશાસ્ત્રી ________ હતા .

(A) શુમ્પીટર
(B) જે. આર. હીક્સ
(C) પોલ રોમર
(D) પોલ સેમ્યુઅલસન

70. મીલેનીયમ ડેવલપમેન્ટ અને સસ્ટેઇનેબલ વિકાસ ધ્યેયો,જે UNDP દ્વારા જાહેર કરવામાં આવ્યા હતા, તેમાં નીચેનામાનું કયું ધ્યેય સામાન્ય છે?

(A) શૂન્ય ભૂખમરો
(B) ગરીબાઇનો અભાવ
(C) જાતિ સમાનતા(લૈગિંક સમાનતા)
(D) ગુણવત્તાસભર શિક્ષણ

Prepp
Your Personal Exams Guide

71. The methodology to measure poverty in India after independence was first devised by
(A) D. T. Lakadawala
(B) Y. K. Alagh
(C) Suresh Tendulkar
(D) C. Rangarajan

71. સ્વાતંત્ર્ય પછી ભારતમાં ગરીબાઈના માપન માટેની પધ્ધતિ સૌપ્રથમ ____________ દ્વારા નિર્ધારીત કરવામાં આવી હતી.
(A) ડી. ટી. લાકડાવાળા
(B) વાય. કે. અલઘ
(C) સુરેશ તેંડુલકર
(D) સી. રંગરાજન

72. If the Lorenz curve coincides with the diagonal of the box diagram, then the value of the Gini co-efficient will be equal to
(A) One
(B) Zero
(C) Less than one but greater than zero
(D) Greater than one

72. જો લોરેન્ઝ વક્ર,બોક્ષ આકૃતિના કર્ણ સાથે એકરૂપ હોય તો, જીની સહગુણકની કિંમત ____________ હશે.
(A) એક
(B) શૂન્ય
(C) એક કરતાં ઓછી પરંતુ શૂન્ય કરતાં વધુ
(D) એક કરતા વધુ

73. The term 'Invisible Hand' is associated with
(A) Ricardo
(B) J. S. Mill
(C) Adam Smith
(D) Karl Marx

73. 'અદ્રશ્ય હાથ' એ પદ ____________ સાથ સંબંધિત છે.
(A) રીકાર્ડો
(B) જે. એસ. મીલ
(C) આદમ સ્મીથ
(D) કાર્લ માર્ક્સ

74. "Health is a state of complete physical, mental and social well-being and not merely the absence of disease and infirmity". This definition was given by
(A) ICMR
(B) UNSCO
(C) UNDP
(D) WHO

74. "આરોગ્ય એ સંપૂર્ણ શારિરીક, માનસિક અને સામાજીક સુખાકારીની અવસ્થા છે, નહીં કે ફક્ત રોગ અને અક્ષમતાની ગેરહાજરી" આ વ્યાખ્યા ____________ દ્વારા આપવામાં આવી છે.
(A) ICMR
(B) UNSCO
(C) UNDP
(D) WHO

Prepp
Your Personal Exams Guide

**75.** The gender roles are determined by the

(A) Birth

(B) Family

(C) Society

(D) Economy

**76.** Environmental quality is considered to be a public good because, its consumption is

(A) Non-rivalrous

(B) Non-excludable

(C) Both non-rivalrous and non-excludable

(D) Neither non-rivalry nor non-excludable

**77.** In which of the following situations the market failure does not take place ?

(A) Presence of externalities

(B) Presence of monopoly

(C) Information asymmetries

(D) Perfect factor mobility

**78.** "Under the conditions of complete competitive markets with no transaction costs, bargaining between the groups over property rights will lead to an optimal outcome". This is

(A) Heckscher-Ohlin Theorem

(B) Coase Theorem

(C) Stolper-Samuelson Theorem

(D) Rybczynski Theorem

**75.** લિંગ આધારીત ભૂમિકા ____________ દ્વારા નિર્મિત થાય છે.

(A) જન્મ

(B) કુટુંબ

(C) સમાજ

(D) અર્થતંત્ર

**76.** પર્યાવરણીય ગુણવત્તાને એક 'જાહેર વસ્તુ' માનવામાં આવે છે, કારણકે તેનો વપરાશ

(A) બિન- પ્રતિસ્પર્ધી

(B) બિન- બાકાત

(C) બિન- પ્રતિસ્પર્ધી અને બિન-બાકાત બંને

(D) બિન- પ્રતિસ્પર્ધી અને બિન-બાકાત માંથી કોઇ નહીં

**77.** નીચેનામાંથી કઇ પરિસ્થિતિમાં 'બજારની નિષ્ફળતા' બનતી નથી?

(A) બાહ્ય અસરોની હાજરી

(B) ઇજારાશાહીની હાજરી

(C) માહિતી અંગે અસંમિતિઓ

(D) સંપૂર્ણ ઉત્પાદન સાધન ગતિશીલતા

**78.** "લેવડ દેવડના ખર્ચ વિનાના સંપૂર્ણ હરિફાઇ યુકત બજારોમાં, મિલ્કતના હકો માટે વિવિધ જૂથો વચ્ચે ભાવતાલને કારણે એક ઇષ્ટતમ ઉકેલ આવે છે." આ ____________ છે.

(A) હેક્ચર-ઓહલીન પ્રમેય

(B) કોસ પ્રમેય

(C) સ્ટોલ્પર - સેમ્યુઅલસન પ્રમેય

(D) રીબ્ઝેન્સ્કી પ્રમેય

Prepp
Your Personal Exams Guide

**79.** Which of the following criteria is not generally suggested to rank and select mutually exclusive projects ?

(A) WTP = WTA

(B) NPV > 0

(C) B/C > 1

(D) IRR

**80.** The most common example of the Hedonic pricing method is

(A) Real estate market

(B) Stock market

(C) Livestock market

(D) Food grains market

**81.** The optimum population is that ideal size of population which provides

(A) High income per head

(B) Maximum per capita income

(C) High level of welfare

(D) Maximum social welfare

**82.** Identify the concept which is not related to morbidity analysis.

(A) Health

(B) Sickness

(C) Disability

(D) Fertility

**79.** પરસ્પર નિવારક પ્રોજેક્ટોના ક્રમ અને પસંદગી માટે,નીચેનામાંથી ક્યા માપદંડનું સામાન્ય રીતે સૂચન થતું નથી ?

(A) WTP = WTA

(B) NPV > 0

(C) B/C > 1

(D) IRR

**80.** સુખોપભોગ કિંમત નિર્ધારણ પધ્ધતિનું સૌથી સામાન્ય ઉદાહરણ ________ છે.

(A) રીઅલ એસ્ટેટ બજાર

(B) સ્ટોક માર્કેટ

(C) પશુ બજાર

(D) અનાજ બજાર

**81.** ઇષ્ટતમ વસ્તી, એ વસ્તીનું એવી આદર્શ કદ છે,કે જે

(A) માથાદીઠ ઉચ્ચ આવક આપે છે

(B) માથાદીઠ મહત્તમ આવક આપે છે

(C) કલ્યાણનું ઉચ્ચ સ્તર આપે છે

(D) મહત્તમ સામાજીક કલ્યાણ આપે છે

**82.** 'રોગિષ્ઠતા વિશ્લેષણ' સાથે સંબંધ ધરાવતો ન હોય તેવો ખ્યાલ ક્યો છે ?

(A) આરોગ્ય

(B) માંદગી

(C) અક્ષમતા

(D) ફળદ્રુપતા

83. According to United Nations Population Fund, what is the age group of the working population ?

(A) 15-64 years

(B) 18-62 years

(C) 16-60 years

(D) 17-65 years

83. યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ મુજબ, કાર્યકારી વસ્તીના વયજૂથો ક્યા છે ?

(A) ૧૫-૬૪ વર્ષ

(B) ૧૮-૬૨ વર્ષ

(C) ૧૬-૬૫ વર્ષ

(D) ૧૭-૬૫ વર્ષ

84. In which country, the demographic dividend is the highest ?

(A) China

(B) India

(C) Pakistan

(D) Sri Lanka

84. ક્યા દેશમાં, વસ્તીવિષયક લાભાંશ સૌથી વધુ છે ?

(A) ચીન

(B) ભારત

(C) પાકિસ્તાન

(D) શ્રીલંકા

85. From which neighbouring country, maximum migrants come to India ?

(A) Pakistan

(B) Bangladesh

(C) Nepal

(D) Sri Lanka

85. ક્યા પાડોશી દેશમાંથી, ભારતમાં સૌથી વધુ સ્થળાંતર કરનારાઓ આવે છે ?

(A) પાકિસ્તાન

(B) બાંગ્લાદેશ

(C) નેપાળ

(D) શ્રીલંકા

86. What are the major sectors of Indian Economy ?

(A) Primary Sector

(B) Secondary Sector

(C) Tertiary Sector

(D) All of the above

86. ભારતીય અર્થતંત્રના મુખ્ય ક્ષેત્રો ક્યા છે?

(A) પ્રાથમિક ક્ષેત્ર

(B) દ્વિતીય ક્ષેત્ર (માધ્યમિક ક્ષેત્ર)

(C) તૃતીય ક્ષેત્ર

(D) ઉપરના તમામ

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**87.** What is the age limit of a Farmer to create retirement corpus under Pradhan Mantri Kisan Mandhan Yojana ?

(A) 50 years

(B) 40 years

(C) 60 years

(D) 45 years

**87.** પ્રધાનમંત્રી કિસાન મનધન યોજના હેઠળ 'નિવૃતિ ભંડોળ' રચવા માટે એક ખેડૂતની વયમર્યાદા કઇ છે ?

(A) ૫૦ વર્ષ

(B) ૪૦ વર્ષ

(C) ૬૦ વર્ષ

(D) ૪૫ વર્ષ

**88.** Where is the largest Foreign Exchange Market in the World ?

(A) London

(B) New York

(C) Tokyo

(D) New Delhi

**88.** વિશ્વનું સૌથી મોટું વિદેશ વિનિમય બજાર ક્યાં આવેલું છે ?

(A) લંડન

(B) ન્યુયોર્ક

(C) ટોકીયો

(D) ન્યુ દિલ્હી

**89.** A deficit balance of payments refers to

(A) Export of more goods and services than import

(B) Import of more goods and services than export

(C) Equal level of import and export of goods and services

(D) Any of the above cases possible

**89.** એક ખાધવાળી લેણદેણની તુલા ______________ દર્શાવે છે.

(A) વસ્તુઓ તથા સેવાઓની આયાતો કરતાં નિકાસો વધુ

(B) વસ્તુઓ તથા સેવાઓની નિકાસો કરતાં આયાતો વધુ

(C) વસ્તુઓ તથા સેવાઓની આયાતો તથા નિકાસોનું સમાન સ્તર

(D) ઉપરનામાંથી કોઈ પણ કેસ હોઇ શકે

**90.** The National Commission on Farmers under the Chairmanship of Dr. M. S. Swaminathan was constituted by the

(A) Janata Government in 1997

(B) BJP Government in 1999

(C) UPA Government in 2004

(D) NDA Government in 2014

**90.** ડો. એમ.એસ. સ્વામીનાથનના અધ્યક્ષપદ હેઠળ 'ખેડુતો માટેના રાષ્ટ્રીય પંચ' ની રચના ______________ કરવામાં આવી હતી.

(A) વર્ષ ૧૯૯૭ માં જનતા સરકાર દ્વારા

(B) વર્ષ ૧૯૯૯ માં ભાજપ સરકાર દ્વારા

(C) વર્ષ ૨૦૦૪ માં યુપીએ સરકાર દ્વારા

(D) વર્ષ ૨૦૧૪ માં એનડીએ સરકાર દ્વારા

[redacted]

Prepp
Your Personal Exams Guide

91. The recommendations of the 15th Finance Commission of India covers the period of

(A) 2015-16 to 2020-21

(B) 2019-20 to 2023-24

(C) 2020-21 to 2024-25

(D) 2021-22 to 2025-26

91. ભારતના પંદરમા નાણાંપંચની ભલામણો_______ ના સમયગાળાને આવરી લે છે.

(A) ૨૦૧૫-૧૬ થી ૨૦૨૦-૨૧

(B) ૨૦૧૯-૨૦ થી ૨૦૨૩-૨૪

(C) ૨૦૨૦-૨૧ થી ૨૦૨૪-૨૫

(D) ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬

92. Which city is not figured in the first list of 12 cities under National Heritage City Development and Augmentation Yojana announced in 2015 ?

(A) Kancheepuram (B) Tirupati

(C) Velankanni (D) Warangal

92. વર્ષ ૨૦૧૫માં જેની ઘોષણા થઇ હતી તે 'નેશનલ હેરીટેજ સીટી ડેવલપમેન્ટ એન્ડ ઓગમેન્ટેશન યોજના' ના ૧૨ શહેરોની પ્રથમ યાદીમાં ક્યા શહેરનો સમાવેશ થયો નથી ?

(A) કાંચીપુરમ (B) તિરૂપતિ

(C) વેલાન્કન્ની (D) વારંગલ

93. Deen Dayal Antyodaya Yojana – National Rural Livelihoods Mission relates to

(A) Potable water

(B) All weather road

(C) Housing loan

(D) Self-help groups

93. દિનદયાળ અંત્યોદય યોજના-નેશનલ રૂરલ લાઇવલીહુડ્મ મિશન _______________ સાથે સંબંધિત છે.

(A) પીવાયોગ્ય પાણી

(B) તમામ ઋતુમાં કામ આવે એવા રસ્તા

(C) ઘર માટેની લોન

(D) સ્વ સહાય જૂથો

94. Who, in India has Constitutional power to set up Finance Commission ?

(A) Prime Minister of India

(B) Supreme Court Judge

(C) The President of India

(D) The Vice-president of India

94. ભારતમા, નાણાં પંચ નીમવાની બંધારતીય સત્તા કોની પાસે છે ?

(A) ભારતના પ્રધાનમંત્રી

(B) સુપ્રિમ કોર્ટના જજ

(C) ભારતના રાષ્ટ્રપતિ

(D) ભારતના ઉપરાષ્ટ્રપતિ

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**95.** The World Trade Organisation was established in Geneva, Switzerland on

(A) 1 January, 1995

(B) 10 June, 1997

(C) 1 January, 1999

(D) 1 December, 1996

**96.** As per the Wold Bank Report June, 2021, the Indian GDP is forecasted to grow by

(A) 8.3 percent

(B) 7.3 percent

(C) 6.3 percent

(D) 3.8 percent

**97.** A public-private partnership model that bridges gap of infrastructure in urban areas is,

(A) COLT

(B) MOLT

(C) BOLT

(D) DOLT

**95.** વિશ્વ વ્યાપાર સંસ્થાની સ્થાપના જીનિવા, સ્વીઝરલેન્ડમાં ________ ના દિવસે થઇ હતી.

(A) ૧ જાન્યુઆરી, ૧૯૯૫

(B) ૧૦ જુન, ૧૯૯૭

(C) ૧ જાન્યુઆરી, ૧૯૯૯

(D) ૧ ડીસેમ્બર, ૧૯૯૬

**96.** વિશ્વ બેંક રીપોર્ટ, જુન ૨૦૨૧ મુજબ, ભારતનો જીડીપી ____________ ના દરે વધવાની આગાહી છે.

(A) ૮.૩%

(B) ૭.૩%

(C) ૬.૩%

(D) ૩.૮%

**97.** શહેરી વિસ્તારોમાં, પાયાની સગવડોમાં રહેલી અપૂર્ણતા પુરી પાડવા માટેનું જાહેર-ખાનગી ભાગીદારી મોડેલ __________ છે.

(A) COLT

(B) MOLT

(C) BOLT

(D) DOLT

www.prepp.in

98. The organisation which has the power to regulate and monitor the operations of stock exchanges in India is

(A) IRDA

(B) NASDAG

(C) RBI

(D) SEBI

99. Which one of the following Act aims to introduce transparency in India's fiscal management systems ?

(A) FRBM Act

(B) RBI Act

(C) Foreign Exchange Regulation Act

(D) Indian Competition Act

100. The Gini coefficient or Gini Index is a statistical measurement of distribution of

(A) Demand and supply of goods

(B) Income or wealth of citizens of a country

(C) Food and clothes of people in a country

(D) None of the above

98. ભારતમાં સ્ટોક એક્ષચેન્જીસ(શેર બજારો) ના કાર્યોના નિયમન અને દેખરેખ રાખવાની સત્તા જે સંસ્થા પાસે છે, તે __________ છે.

(A) IRDA

(B) NASDAG

(C) RBI

(D) SEBI

99. નીચેનામાંથી ક્યો કાયદો, ભારતની નાણાંકીય મેનેજમેન્ટ સીસ્ટમમાં પારદર્શીતા લાવવાનો હેતુ રાખે છે

(A) FRBM કાનુન

(B) RBI કાનુન

(C) વિદેશી હુંડીયામણ નિયમન કાનુન

(D) ભારતીય સ્પર્ધા કાનુન

100. જીની સહગુણક અથવા જીની સૂચકાંક એ ______ના વિતરણ માટેનું એક આંકડાશાસ્ત્રીય માપ છે.

(A) વસ્તુઓની માંગ અને પૂરવઠો

(B) એક દેશના લોકોની આવક અથવા સંપત્તિ

(C) એક દેશના લોકોના ખોરાક અને અનાજ

(D) ઉપરનામાંથી કોઇ નહીં

Prepp
Your Personal Exams Guide

## Space for Rough Work

Prepp
Your Personal Exam Guide

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

Space for Rough Work

SEAL